# પ્લાસ્ટ ઈન્ડિયાના પ્રથમ દિવસે જ ટ્રાફીક જામ

ગાંધીનગર, તા.૭

પ્લાસ્ટ ઈન્ડિયાને પગલે પાટનગરમાં એક અઠવાડીયું ધમધમાટ રહેશે. આજથી શરુ થયેલા પ્લાસ્ટ ઈન્ડિયામાં પ્રથમ દિવસથી જ ટ્રાફીકની સમસ્યા શિરદર્દ સમાન બની ગઈ છે. ટ્રાફિક પોલિસ સ્ટેશનના પી.આઈ. સહિત કાફલો ઘ અને ચ માર્ગ ઉપર તૈનાત કરી દેવો પડયો હતો. આડેધડ વાહનો પાર્ક કરી અડચણરૂપ વાહનો મુકીને પ્લાસ્ટ ઈન્ડિયામાં ચાલ્યા ગયેલા વાહનચાલકોને પગલે આ સમસ્યા પેચીદી બની છે. આજે ટ્રાફીક પોલિસ દ્વારા ૩૦થી વધુ કાર ચાલકોને પાવતીઓ આપીને દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે. આવતીકાલથી વાહન ટોઈંગ કરી ડીટેઈન કરવા સુધીની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું ટ્રાફીક પી.આઈ.એ જણાવ્યું છે.





## પ્લાસ્ટ ઈન્ડિયાએ રાખેલા પાર્કીંગ ખાલીખમ : શહેરના માર્ગો પર આડેધડ પાર્કિંગની હારમાળા સર્જાઈ : ૩૦થી વધુ કાર ચાલકોને સ્થળ પર દંડ ફટાકારાયો : આજથી ટોઈંગ કરીને વાહનો ડીટેઈન કરી લેવાશે

પ્લાસ્ટ ઈન્ડિયા દ્વારા શહેરના અલગ અલગ મેદાનોમાં પાર્કીંગ વ્યવસ્થા કરવામાં આવી છે. તે ઉપરાંત પાર્કીંગ પ્લેસ પરથી એકિઝબીશન સેન્ટર સુધી લાવવા લઈ જવા માટે ફેરી સર્વિસ સેવા પણ કરવામાં આવી છે પરંતુ મુલાકાતીઓ તો ઠીક એકઝીબીટર્સને પણ પુરતું જ્ઞાન નથી કે કોણે કયાં પાર્કીંગ કરવું...! તે સિવાય પોલિસને પણ પાર્કીંગ વ્યવસ્થાના કોર્ડીંગ આપવામાં આવ્યા ન હોવાથી કયા વાહનોને કયાં રોકવા તે માટેની મુંઝવણ હતી...! આ સમસ્યાઓને પગલે ચ રોડ અને ઘ રોડ ઉપરાંત પોઈન્ટના બસ સ્ટેન્ડમાં પણ આડેધડ વાહનો પાર્ક કરી દેવાતા શહેરમાં ટ્રાફીકની ભારોભાર સમસ્યા વકરી ગઈ હતી. ટ્રાફિક પોલિસની ટીમો દોડતી થઈ ગઈ હતી અને કેટલાક વાહનો ટોઈંગ કરીને અડચણરૂપ ન બને તેવા સ્થળે મુકવામાં આવ્યા જયારે ૩૦થી વધુ વાહનચાલકોને સ્થળ પર દંડ ફટકારવામાં આવ્યો હતો. આવતીકાલથી આ કામગીરી કડકપણે કરવામાં આવશે અને ટોઈંગ કરીને વાહનો ડીટેઈન કરી લેવામાં આવશે.

# તાલુકા પંચાયતમાં ઉમેદવારીપત્ર ભરવાનો આજે અંતિમ દિવસ

### અત્યાર સુધીમાં ૩૮ ફોર્મ ભરાયા : ૮ થી ૧૦ બેઠકો પર હજુ એક પણ ઉમેદવારી પત્ર ભરાયુ નથી : ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ જામશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે ગુરૂવાર એ ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે. આજે આ ચૂંટણીમાં અત્યાર સુધીમાં કુલ ૩૮ ઉમેદવારી પત્રો ભરાયા છે. જો કે ૨૦૦થી વધુ ઉમેદવારીપત્રો વાંચ્છુકો લઈ ગયા હોવાથી અંતિમ દિવસે વધુમાં વધુ ઉમેદવારી પત્રો ભરાશે તેમ મનાઈ રહ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે હજુ ૧૦ જેટલી બેઠકો એવી છે જ્યાં એક પણ ઉમેદવારીત્ર ભરાયુ નથી. આ ચૂંટણીમાં બન્ને પક્ષોએ આંશિક યાદીઓ જાહેર કર્યા બાદ આ ચૂંટણીનો જંગ મુખ્યત્વે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ રહેશે તેમજ ઘણી બધી બેઠકો પર અપક્ષો ઉમેદવારી નહિ નોંધાવે તેવુ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૬ બેઠકો અને પાંચ બેઠકો સીમાંકનમાં વધી છે ત્યારે ચૂંટણીનો આ મુકાબલો અત્યંત રસપ્રદ બનશે તેમ મનાઈ રહ્યુ છે. આ જંગમાં પ્રચાર અભિયાન બન્ને પક્ષો દ્વારા જિલ્લાના નેતાઓ પર જ અવલંબિત રહેશે તેવુ રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે.

ગુરૂવારે ચૂંટણીના ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થયા પછી જ પ્રચાર અભિયાનના શ્રી ગણેશ કરવામાં આવશે.

આ ચૂંટણી પછી વિધાનસભાનું સત્ર શરૂ થવાનું હોવાથી બન્ને પક્ષો દ્વારા એડી ચોટીનું જોર લગાવવામાં આવશે. હાલ તાલુકા પંચાયતમાં ભાજપ પાસે ૨૦ બેઠકો છે તો એક બેઠક અપક્ષ સભ્યએ જીતી છે અને ૧૧ બેઠકો કોંગ્રેસ પાસેછે જે નોંધનીય છે.

અત્યાર સુધીમાં શિહોલી મોટીમાં-૨, વડોદરામાં-૧, સાદરામાં-૨, ટીંટોડામાં-૨, રાંધેજા-૧માં ૧, શેરથામાં-૩, સરઢવમાં-૨, રાયપુરમાં-૨, રાંધેજા-૨માં ૨, ઉનાવામાં-૨, અડાલજ-૧-૨, છાલા-૧, ચિલોડા(ડ)-૧, ધણપ-૧, કોબા-૨, દો. વાસણા-૧, કોલવડા-૧માં ૧, કુડાસણ-૨, કોલવડા-૨માં ૧, પોરમાં ૧ ઉમેદવારી પત્ર ભરાયુ છે.

# મંત્રી નિવાસના બંગલાના બગીચાનુ નવિનીકરણ કરાશે

ગાંધીનગર તા ૭

શહેરના સેકટરોમાં સ્થિત ઉદ્યાનો મરણ પથારીએ છે. સેકટરોના બગીચાઓની રોનક નિખરે તે માટે સ્થાનિક રહીશો દ્વારા અવારનવાર તંત્ર સમક્ષ રજુઆતો પણ કરવામાં આવે છે. પરંતુ હજુ સુધી સેકટરોના ઉદ્યાનોની દશા સુધારવા માટે કોઈ નકકર આયોજન થયુ નથી. જયારે કોર્પોરેશ કક્ષાએથી સે-૨૩ અને મંત્રી નિવાસના એક બંગલાના નવિનીકરણનુ કામ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. અંદાજિત રૂ ૮૪ લાખના ખર્ચે આ બગીચાઓને નિખારવામાં આવશે.

ગાંધીનગરના અસ્તિત્વ કાળથી સેકટરોમાં નિર્માણ કરાયેલા ઉદ્યાનો સેકટરની ઓળખ સમાન હતા. પરંતુ સમય જતા જાળવણીના અભાવે ઉદ્યાનોની હરિયાળી અદ્રશ્ય થતા ઉજ્જડ બગીચાઓમાં બાળકોના રમતગમતના સાધનો પણ તુટેલા અને કટાયેલી હાલતમાં જોવા મળતા હતા. જો કે હવે સેકટરોના બગીચાઓમા હવે દાયકાઓના અંતે રોનક જોવા મળતી નથી. જયારે કેટલાક સેકટરોમાં બગીચાઓનુ અસ્તિત્વ પણ ભુસાઈ ગયુ છે. મોટાભાગના સેકટરોમાં બગીચાઓ મરણ પથારીએ છે. સેકટરના રહીશો પણ આ મામલે ફરિયાદો ઉઠાવી રહયા છે. આવા સંજોગોમાં બગીચાની રોનક નિખરે તે માટે યોગ્ય પગલા લેવાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. જો કે કોર્પોરેશન કક્ષાએથી નગરના સે-૨૩ ના ઉદ્યાનનુ નવિનીકરણ હાથ ધરવામાં આવશે. જેમાં બગીચામાં લોન તેમજ રમતગમતના સાધનો સહીતની સુવિધાઓ ઉભી કરવામાં આવશે. આ ઉપરાંત મંત્રી નિવાસના બંગલા નં -૧૪ ના બગીચાના રૂપરંગ પણ બદલાશે.

● અનુસંધાન પાન-૭ પર

### સે-૨૧ ગોવર્ધનનાથજીની હવેલીના

# રજત જયંતિ નિમિત્તો મંગલ મહોત્સવની આજે ભવ્ય ઉજવણી

### સે-૨૨ નવરાત્રિ મેદાન ખાતે ભક્તિ સંગીત, સંત વ્યાખ્યાન, છપ્પન ભોગ બડા મનોરથ, વિવિધ ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમોનુ આયોજન

ગાંધીનગર તા ૭

ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા આજે સે-૨૧ સ્થિત ગોવર્ધનનાથજીની હવેલીના રજત જયંતિ મહોત્સવની ઉજવણી અન્વયે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. રજત જયંતિ મહોત્સવ અંતર્ગત મંગલ મહોત્સવની ભવ્ય ઉજવણી કરાશે. જે અન્વયે સે-૨૨ નવરાત્રિ મેદાનમાં બપોરે ભક્તિ સંગીત સંધ્યા, સંતોનુ પ્રેરણાત્મક વકતવ્ય તેમજ સાંજે ગોવર્ધનનાથજીની હવેલીમાં ભવ્ય છપ્પન ભોગ બડાભોગ મનોરથના અલૌકિક દર્શનનો ભાવિકોને લાભ મળશે. મંગલ મહાત્સવના દર્શનનો હજારો ભાવિકો લાભ લેશે.

ગાંધીનગરમાં વર્ષ ૧૯૮૯ દરમિયાન વલ્લભધામનુ ભુમિપુજન કરવામાં આવ્યુ હતુ. જયારે વર્ષ ૧૯૯૩માં નિર્માણકાર્ય પુર્ણ થયા બાદ શ્રી ગોવર્ધનનાથજીના સ્વરૂપને પધરાવી સેવા શરૂ કરવામાં આવી હતી. ગોવર્ધનનાથજીની હવેલીના રજતજયંતિ મહોત્સવને અનુલક્ષી તા ૮ ફેબ્રુઆરીના રોજસે-૨૨ સ્થિત નવરાત્રિ મેદાન ખાતે બપોરે ૧ થી ૩ કલાક દરમિયાન વૈષ્ણવ સંપ્રદાયના ભજનો , કિર્તન, કૃષ્ણલીલા અંગેના ભકિત સંગીતનો કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે સર્વાધ્યક્ષ યુવા વૈષ્ણવાચાર્ય પુ ગોસ્વામી વ્રજરાજકુમારજી જગન્નાથજી મંદિરના મહંત દિલીપદાસજી ગાંધીનગરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજી તેમજ સમદર્શન આશ્રમના પુ ગુરુમાં હાજરી આપશે. જયારે સાંજે ૪ : ૩૦ કલાકે હવેલી મંદિરમાં ભવ્ય છપ્પનભોગ બડામનોરથના દર્શનનો પણ ભાવિકોને લાભ મળશે. રજતજયંતિ મહોત્સવને અનુલક્ષી ગત તા ૪ ફેબ્રુઆરીના રોજ નગરમાં વાહનરેલી પણ યોજવામાં આવી હતી. રજત જયંતિ મહોત્સવ અન્વયે મનોરથો,

● અનુસંધાન પાન-૭ પર



પ્લાસ્ટ ઈન્ડિયા - ગાંધીનગરના એક્ઝિબીશન સેન્ટર ખાતે વિશ્વનો સૌથી વિશાળ અને ત્રીજા નંબરનું પ્લાસ્ટિક એક્ઝિબિશન - પ્લાસ્ટ ઈન્ડિયાના પ્રથમ દિવસે મુલાકાતીઓનો ધસારો જોવા મળતો હતો... પ્રથમ દિવસે ઉત્પાદકો અને વેપારીઓ માટે જ પ્રવેશ હોવા છતાં મોટી સંખ્યામાં વેપારીઓ પ્રદર્શન નિહાળવા પહોંચ્યા હતા... પ્રવેશ દ્વારથી જ વર્તાતી ભીડ પ્રત્યેક સ્ટોલ પર અનુભવાતી હતી...

# મોદી ૧૬મીએ વિડિયો કોન્ફરન્સિંગથી વિદ્યાર્થીને જરૂરી માર્ગદર્શન આપશે

ગાંધીનગર,તા. ૭

પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થઓ માનસિક તાણ અનુભવતા હોય છે ત્યારે આ વિષય પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે અને તેમનામાં આત્મવિશ્વાસનું સિંચન થાય તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૬મી ફેરુઆરી ૨૦૧૮ના રોજ બપોરે ૧૧થી ૧૨ કલાક દરમિયાન આ વિષય અંગે વિડિયો કોન્ફરન્સ કરનાર છે. વડાપ્રધાન આ વિડિયો કોન્ફરન્સ દ્વારા ધોરણ ૬થી ૧૨ના અને કોલેજના વિદ્યાર્થીઓને વિડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધી માર્ગદર્શન આપી તેમનામાં આત્મવિશ્વાસનું સિંચન કરશે. આ સંદર્ભમાં કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી પ્રકાશ જાવડેકરે આજે વિડિયો કોન્ફરન્સ દ્વારા દેશના રાજ્યોના શિક્ષણમંત્રીઓ સાથે સંવાદ કરીને વડાપ્રધાનના આગામી વિડિયો કોન્ફરન્સ કાર્યક્રમ સંબંધે વિગતો આપી હતી.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ વિડિયો દરમિયાન આ કાર્યક્રમ સંબંધે આનુષાંગિક તૈયારીઓ માટેની સજ્જતા પણ દર્શાવી હતી. ચુડાસમાએ આ જ વિષય પર ગત બે વર્ષ દરમિયાન પરીક્ષાઓની પૂર્વસંધ્યાએ કેટલાક કાર્યક્રમોનું આયોજન કરીને આ દિશામાં કરાયેલા પ્રયાસોની માહિતી જાવડેકરે આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પરીક્ષાઓના સમયે વિદ્યાર્થીઓમાં અનુભવાતી તાણના વિષયે એક્ઝામ વરિયર્સ શીર્ષક હેઠળ ૨૦૮ પાનાનું પુસ્તક લખ્યું છે. જેનું ગત જાન્યુઆરી મહિનામાં વિમોચન થયું હતું. આ પુસ્તકમાં આ વિષયની છણાવટ કરાઈ છે.

# માણસા પાલિકામાં ૧૫ મતદાન મથકો સંવેદનશીલ

### મતદારોની જાગૃતિ માટે તંત્ર વિશેષ અભિયાન છેડશે : રેલીનું પણ આયોજન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાની એક માત્ર માણસા નગરપાલિકાની ચૂંટણી માટે તંત્ર દ્વારા તૈયારીઓએ વેગ પકડ્યો છે. ૧૭મીએ યોજાનાર આ ચૂંટણીના મતદાન પૂર્વે તંત્ર દ્વારા માણસામાં મતદાર જાગૃતિ અભિયાનના ભાગરૂપે એક રેલી પણ યોજવામાં આવશે.

માણસા નગરપાલિકાની ચૂંટણી માટે ૩૫ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે જે પૈકી ૧૫ મતદાન મથકો સંવેદનશીલ કેટેગરીમાં મુકવામાં આવ્યા છે.

માણસા નગરપાલિકાની ચૂંટણી માટે પ્રચાર અભિયાને વેગ પકડ્યો છે અને રાજકીય પક્ષો દ્વારા ડોર ટુ ડોર અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યુ છે. આ ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો મુકાબલો છે. આ ચૂંટણીમાં હાલ ૬૨ ઉમેદવારો મેદાનમાં છે.

માણસા નગરપાલિકામાં સૌથી વધુ ઉમેદવારો વોર્ડ નં. ૨માં નોંધાયા છે. તો ત્રણ વોર્ડમાં ૯, ૯ ઉમેદવારો અને ત્રણ વોર્ડમાં ભાજપ કોંગ્રેસ વચ્ચ સીધો જંગ થયેલો છે. આ ચૂંટણી અંગે રાજકીય પક્ષોએ એડીચોટીનું જોર લગાવ્યુ હોવાથી ચૂંટણીનો જંગ રસપ્રદ બનશે તેમ મનાઈ રહ્યુ છે. રાજ્ય ચૂંટણી પંચે આ ચૂંટણી માટે એક પણ નિરીક્ષકની નિમણુંક કરી નથી જે નોંધનીય છે.

## ચૂંટણી કમિશ્નરની વિડીયો કોન્ફરન્સ

ગાંધીનગર, તા. ૭

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની યોજાનારી સામાન્ય ચૂંટણીને લઈ આજે ચૂંટણી કમિશ્નર ડૉ. વરેશ સિંહાએ જિલ્લાતંત્ર સાથે વિડીયો કોન્ફરન્સ કરી હતી. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ વિડીયો કોન્ફરન્સમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને લઈ પોલીસ બંદોબસ્તનો પ્લાન માગવામાં આવ્યો હતો એટલુ જ નહિ ઈ.વી.એમ.ના અંતિમ ચેકિંગની સૂચનાઓ પણ અપાઈ હતી. આજની આ વિડીયો કોન્ફરન્સમાં સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો નિયત કર્યા કે કેમ ? પોલીસે આ મથકોની મહેસુલી તંત્ર સાથે મળી વીઝીટ કરી કે કેમ ? મતદારયાદી અંગે પણ આ બેઠકમાં ચર્ચાઓ થઈ હતી. ગાંધીનગરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ એસ.આર.પી. ની કેટલી કંપની ફાળવવામાં આવશે તે અંગેની ચર્ચાઓ પણ થઈ હોવાનું જાણવા મળેલ છે.












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com